ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ





## ઉચ્છલની સરકારી હોસ્પિટલમાં પૂરતા બેડના અભાવે દર્દીઓને હાલાકી

**દર્દીઓને** ભોંયતળિયે બેડ પાથરી સારવાર આપવાની નોબત

વ્યારા: ઉચ્છલ તાલુકામાં સરકારી હોસ્પિટલમાં દર્દીઓની વધતી સંખ્યા સામે બેડની અછત ઊભી થઈ છે. પૂરતા બેડના અભાવે હોસ્પિટલમાં સારવાર માટે આવતાં દર્દીઓને નાછૂટકે ભોંય પર બેડ પાથરી સારવાર લેવાની ફરજ પડી રહી હોવાનું સામે આવ્યું છે. ત્યારે સરકાર છેવાડાના આ તાલુકામાં હોસ્પિટલમાં બેડની અછતને વહેલી તકે પૂરી કરે તે માટે સ્થાનિકોમાં માંગ ઊઠી છે. એક તરફ ભાજપ સરકાર રાજ્યમાં આરોગ્યલક્ષી સુવિધાઓ તેમજ વિકાસની મોટી મોટી વાતો અને દાવાઓ કરવામાં થાકતી નથી ત્યારે તાપીમાં હોસ્પિટલમાં બેડની અછત ઊભી થતાં સરકારનાં દાવા પોકળ નજરે પડી રહ્યા છે.

# અંકલેશ્વરમાં કેશવ પાર્કના કોમન પ્લોટ પર શાળા સંચાલન મુદ્દે વિવાદ

**બોગસ** BUP, ૯૯ વર્ષના ભાડાકરાર અને પ્લે ગ્રાઉન્ડ અંગે અરજદારના ગંભીર આક્ષેપો

**શાળા** સંચાલક મંડળે આક્ષેપો નકારી ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્યનો પ્રશ્ન ગણાવ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના પીરામણ રોડ પર આવેલી કેશવપાર્ક સોસાયટીના કોમન પ્લોટ પર સંચાલિત શ્રી શ્રવણ વિદ્યા ભવન શાળાને લઈને કાયદાકીય વિવાદ વકર્યો છે. અપીલ અરજદાર સ્પંદન ભદ્રેશભાઈ પટેલે ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે RTI પ્રથમ અપીલની સુનાવણી દરમિયાન શાળા સંચાલન અંગે વિવિધ દસ્તાવેજોના આધારે ગંભીર આક્ષેપો કર્યા હતા.

### અગાઉ શાળા શરૂ કરવા માટે જરૂરી પરવાનગી મળી હતી: સંચાલકો

સંચાલકોના જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ શાળા શરૂ કરવા માટે જરૂરી પરવાનગી આપવામાં આવી હતી. હાલમાં ઊભા થયેલા વિવાદને કારણે શાળામાં અભ્યાસ કરતાં ૧,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યનો પ્રશ્ન ઊભો થયો હોવાનું પણ સંચાલક મંડળે જણાવ્યું છે. હવે DEO કચેરીમાં રજૂ થયેલા દસ્તાવેજો, સ્થળ તપાસ તથા સંબંધિત સત્તાવાળાઓના નિર્ણય બાદ જ શાળાની જમીન, BUP, રમતના મેદાન અને માન્યતા અંગેની વાસ્તવિક કાનૂની સ્થિતિ સ્પષ્ટ થશે.

અરજદારના જણાવ્યા મુજબ અંકલેશ્વર નગરપાલિકાના તા.૧૭ એપ્રિલ, ૧૯૮૬ના મંજૂર લે-આઉટ પ્લાનમાં આશરે ૨૧,૫૦૦થી વધુ ચોરસ ફૂટ જમીન કેશવપાર્ક સોસાયટી માટે અનામત કોમન પ્લોટ તરીકે દર્શાવવામાં આવી છે. તેમ છતાં આ જમીન પર શાળા ઊભી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઉપરાંત ૧૯૯૪માં ૯૯ વર્ષના ભાડાકરારના આધારે જમીન ફાળવવામાં આવી હોવાનો દાવો કરી તેની કાયદેસરતા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

અરજદારે વધુમાં આક્ષેપ કર્યો હતો કે શાળા પાસે કાયદેસર બિલ્ડિંગ યૂઝ પરમિશન (BUP) નથી. નગરપાલિકાના RTI જવાબમાં પણ માન્ય BUP ન હોવાનો ઉલ્લેખ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ સમક્ષ વર્ષ-૨૦૦૬નો પાલિકાના તત્કાલીન ચેરમેનની સહીવાળો દસ્તાવેજ BUP તરીકે રજૂ કરાયો હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

શાળાના રમતના મેદાન અંગે પણ વિવાદ ઊભો થયો છે. અરજદારના જણાવ્યા મુજબ શાળા માટે અન્ય જમીનને રમતના મેદાન તરીકે દર્શાવવામાં આવી છે, જ્યારે સ્થળ વપરાશ અંગે પ્રશ્નો છે. આ મુદ્દે DEO સમક્ષ સ્થળ તપાસ કરી શાળાની માન્યતા અંગે નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે. દરમિયાન અરજદારે તા.૨૮ સપ્ટેમ્બરે સુરત પ્રાદેશિક નગરપાલિકા કમિશનર સમક્ષ પણ અરજી કરી હોવાની માહિતી આપી છે, જેમાં કથિત ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી, પાલિકાને થયેલા નુકસાનની વસૂલાત તેમજ સંબંધિત જવાબદારો સામે તપાસની માંગ કરવામાં આવી છે.

બીજી તરફ શાળા સંચાલક મંડળે આક્ષેપો અંગે પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, આશરે ૩૧ વર્ષ અગાઉ મૂળ જમીન માલિક લોખંડવાળા પરિવારે શાળા બાંધવા માટે જમીન ભાડાપટે ફાળવી હતી. એ બાદ સમયાંતરે નિયમોમાં થયેલા ફેરફારોને કારણે આટલાં વર્ષો બાદ આ મુદ્દો વિવાદનું સ્વરૂપ ધારણ કરી રહ્યો હોવાનું સંચાલક મંડળનું કહેવું છે.

# દહેજમાં પેટ્રોલ પંપની મહિલાકર્મી પર સરપંચનો તલવારથી હુમલાનો પ્રયાસ

**મહિલા** કર્મચારીએ કાર અન્ય પોઇન્ટ પર લઈ જવા વિનંતી કરતાં અહમ ઘવાયો

**મહિલા** કર્મચારી સહિત પંપના અન્ય સ્ટાફને ધમકાવ્યો, વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ



ભરૂચ: દહેજ પંથકમાં આવેલા જણીયાદરા ગામના સરપંચે પેટ્રોલ પંપ પર ખુલ્લી તલવાર સાથે વાતાવરણ તંગ બનાવી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે. સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ સરપંચે મહિલા કર્મચારી સહિત પંપના અન્ય સ્ટાફને ધમકાવી ભયનો માહોલ પેદા કર્યો હતો. આ સમગ્ર ઘટનાના દૃશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચર્ચાનો વિષય બન્યા છે.

મળતી માહિતી મુજબ જણીયાદરા ગામનો સરપંચ ઈન્દ્રવર્ધનસિંહ પ્રવીણસિંહ રાણા (ઉર્ફે અલ્પેશ) પોતાની કારમાં ઈંધણ પુરાવવા માટે પેટ્રોલ પંપ પર આવ્યો હતો. એ સમયે પંપ પર ફરજ બજાવતી મહિલા કર્મચારીએ તેને કાર અન્ય પોઈન્ટ પર લઈ જવા વિનંતી કરી હતી. આ સામાન્ય સૂચનથી અહમ ઘવાતાં સરપંચ ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલા કર્મચારી સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી.

વિવાદ વધતાં સરપંચ પોતાની કારમાંથી ખુલ્લી તલવાર કાઢી લાવ્યો હતો અને મહિલા કર્મચારી તરફ ધસી જઈ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. બૂમાબૂમ થતાં પંપના અન્ય કર્મચારીઓ બચાવમાં દોડી આવ્યા હતા. સ્ટાફે પોલીસને જાણ કરવાનું કહેતાં સરપંચે વધુ રોષે ભરાઈને કર્મચારીઓ પર કાર ચઢાવી દેવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ વાયરલ વિડીયોને પગલે દહેજ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. દહેજ પોલીસના PI હિતેશસિંહ ઝાલાએ જણાવ્યા અનુસાર આરોપી સરપંચ વિરુદ્ધ રાત્રે જ ગાળાગાળી કરવી, જાનથી મારી નાંખવાની ધમકી આપવી, વાહન ચઢાવવાનો પ્રયાસ કરવો તેમજ હથિયાર ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીને નોટિસ પાઠવી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે, જ્યારે સરપંચનો સંપર્ક કરવા જતાં તેનો ફોન સ્વિચ ઓફ આવ્યો હતો.

# કુકરમુંડા પોસ્ટ ઓફિસમાં કામ ન થતાં અરજદાર મહારાષ્ટ્ર સુધી ધક્કે ચઢ્યો!

**રજિસ્ટર** એડી માટે બે દિવસ ધક્કા ખાધા છતાં કામ ન થયું, કુકરમુંડા મામલતદારને લેખિત રજૂઆત





કુકરમુંડા: કુકરમુંડા તાલુકા મથકે આવેલી પોસ્ટ સબ ઓફિસમાં કર્મચારીઓની અનિયમિતતા અને ગેરહાજરીને કારણે અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કુકરમુંડાના રહેવાસી મગનભાઈ ઉત્તમભાઈ ચૌધરીએ સતત બે દિવસ સુધી રજિસ્ટર એડી કરાવવા ધક્કા ખાધા બાદ પણ કામ ન થતાં, આખરે મહારાષ્ટ્રના નળગવ્હાણ ખાતેની પોસ્ટ ઓફિસમાં જઈ કામ કરાવવાની ફરજ પડી હતી. મંગળવારે પોસ્ટ ઓફિસમાં કોઈ કર્મચારી હાજર ન હોવાથી આખી ઓફિસ ખાલીખમ જોવા મળી હતી. આ મામલે તેમણે કુકરમુંડા મામલતદારને લેખિત રજૂઆત કરી વહેલી તકે સમસ્યાના નિરાકરણની માંગ કરી છે. કુકરમુંડા તાલુકાના આશરે ૫૩ ગામોના વેપારીઓ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સ્પીડ પોસ્ટ, રજિસ્ટર એડી, વિધવા સહાય તથા ટપાલ સેવાઓ માટે આ સબ ઓફિસ પર નિર્ભર છે. આવી પરિસ્થિતિમાં લોકોના સમય અને નાણાંનો બગાડ થઈ રહ્યો છે. માત્ર સબ ઓફિસ જ નહીં, પરંતુ આસપાસની બ્રાંચ પોસ્ટ ઓફિસોમાં પણ આવી જ અનિયમિતતા સામે લોકોમાં નારાજગી વ્યાપી છે. તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી જવાબદાર અધિકારીઓ અને નિયમિત સ્ટાફની હાજરી સુનિશ્ચિત કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.

# માંડવી તાલુકા ફળ-શાકભાજી સહકારી મંડળીની સભા મળી



**મંડળીએ** વર્ષે રૂ.૩ લાખનો ચોખ્ખો નફો કર્યો

માંડવી: માંડવી તાલુકા ફળ અને શાકભાજી ઉત્પાદક તથા વેચાણ સહકારી મંડળીની ૩૯મી વાર્ષિક સાધારણ સભા મંડળીના આર.સી.સી. શેડ ખાતે પ્રમુખ દિનેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ પ્રસંગે સભાસદો અને બિન-સભાસદો પાસેથી થાપણ ફી સ્વીકારવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો.

બાદ મંડળીના માનદ મંત્રી કનુભાઈ પટેલે વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો અને એજન્ડાનું વાંચન કર્યું હતું, જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી. મંડળીએ આ વર્ષે રૂ.૩,૦૪,૪૫૨નો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મંડળીની સારી કામગીરીને પગલે, ગત વર્ષની જેમ આ વર્ષે પણ તમામ સભાસદોને ૨૦% ડિવિડન્ડ (શેર ભંડોળ) ચૂકવવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ગુજરાત હોર્ટિકલ્ચર મિશન (બાગાયત નિયામક, ગાંધીનગર) તરફથી મંડળીને વિશેષ સહાય મંજૂર કરવામાં આવી છે. આ સહાય હેઠળ ફળ અને શાકભાજી કલેક્શન એકમ, આર.સી.સી. શેડ, સોલાર આધારિત કોલ્ડ રૂમ, ટ્રાન્સપોર્ટેશન માટે વાહન અને શાકભાજી ગ્રેડિંગ મશીન જેવી સુવિધાઓ ઊભી કરવા સરકાર તરફથી રૂ.૩૦ લાખની સહાય મંજૂર થઈ છે, જેનો લાભ સ્થાનિક ખેડૂતોને મળશે. આ સાધારણ સભામાં ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ પરમાર, નટુભાઈ રબારી, નરેન્દ્રસિંહ મહિડા, કનકસિંહ ગોહિલ સહિત વિવિધ સહકારી મંડળીઓના પ્રમુખ-ઉપપ્રમુખો, મંડળીના તમામ ડિરેક્ટરો, વેપારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે હસમુખભાઈ ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સુણેવખુદમાં પાવરગ્રીડ અસરગ્રસ્ત ખેડૂતોની સભા: MRC સામે વિરોધ

**ખેડૂતોની** માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ગાંધીનગર કૂચ કરવાની ચીમકી



ભરૂચ: હાંસોટના સુણેવખુદ ગામે પાવરગ્રીડ વીજ લાઈનથી અસરગ્રસ્ત ખેડૂતોની સભા યોજાઈ હતી. આ સભામાં સરકારે જાહેર કરેલા MRC (માર્કેટ રેટ કમિટી) પદ્ધતિના પરિપત્રનો ભારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારના તા.4/7/2026ના પાવર ગ્રીડ લાઈન પરિપત્ર સામે જાગૃતિ લાવવા માટે યોજાયેલા આ સંમેલનમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભરૂચ જિલ્લાના ખેડૂત આગેવાનો મયૂરભાઈ, ધર્મેશ પટેલ અને નોફલ પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. ખેડૂત આગેવાન ધર્મેશ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને MRC પરિપત્ર મંજૂર નથી. ખેડૂતો જમીનના વળતર તરીકે માર્કેટ રેટના ચાર ગણા વળતરની માંગ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વીજ પોલ નીચેની જગ્યા માટે ગ્રામ્ય વિસ્તારમાં માર્કેટ રેટના 260 ટકા વળતર મળવું જોઈએ.

ધર્મેશ પટેલે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, ખેડૂતો માટે એકમાત્ર જમીનના પાક પર જ જીવન નિર્ભર છે. જો જમીન ઓછા ભાવે લેવામાં આવશે તો ખેડૂતો નોંધારા બની જશે. તેમની અન્ય માંગણીઓમાં પાક નુકસાનીનું વળતર ત્રણ તબક્કામાં આપવું તેમજ માણસ અને પશુનો વીમો આપવાનો સમાવેશ થાય છે. આ સભામાં ચેતવણી આપવામાં આવી હતી કે, જો ખેડૂતોની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ગાંધીનગર કૂચ કરીશું.

## બારડોલીના ઉવામાં ખેતરના રસ્તાના વિવાદમાં મારામારી

બારડોલી: બારડોલીના ઉવા ગામે ખેતરના ખાનગી રસ્તાને જેસીબીથી ખોદી નાંખવા મુદ્દે મારામારી થઈ હતી. આ મામલે ઈજાગ્રસ્ત યુવાન અજયસિંહ રાઠોડે બળવંતસિંહ રાઠોડ અને તેમના પુત્ર રાજપાલસિંહ વિરુદ્ધ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તા.૨૮ સપ્ટેમ્બરે આરોપીઓએ અજયસિંહના ખેતરનો ખાનગી રસ્તો જેસીબીથી ખોદી માટી પોતાના ખેતરમાં નાંખવા લાગ્યા હતા. અજયસિંહે શેરડીની કાપણી હોવાને કારણે રસ્તો ખોદવાની ના પાડતાં રાજપાલસિંહે અજયસિંહના માથામાં પથ્થર મારી ઈજા પહોંચાડી હતી, જ્યારે બળવંતસિંહે લાકડી ફટકારી હતી. ઈજાગ્રસ્ત અજયસિંહને સારવાર માટે બારડોલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડાયા હતા, જ્યાં તેમને માથામાં બે ટાંકા આવ્યા હતા.

## અંકલેશ્વરમાં ક્ષિપ્રા ગણેશ મંદિરે કાર્યક્રમ



અંકલેશ્વર: અંકલેશ્વર હાંસોટ રોડ પર આવેલ ક્ષીપ્રા ગણેશ મંદિરે અંગારકી ચોથની ભક્તિસભર ઉજવણી કરાઈ હતી, જેમાં ગણેશ યાગ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

# સુવા-અંભેટા માર્ગ બિસમાર બન્યો

ભરૂચ: ઔદ્યોગિક નગરી દહેજમાંથી અનેક કેમિકલ કંપનીઓ માટે જીવાદોરી સમાન સુવાથી અંભેટા ગામને જોડતો માર્ગ હાલ અત્યંત બિસમાર બન્યો છે. માર્ગ ઉપર પેચવર્કની અધૂરી કામગીરી, ખાડા અને અસમતલ સપાટીના કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા ધ્યાન અપાય એ જરૂરી છે.



## સંક્ષિપ્ત સમાચાર

### વેલાછા પ્રાથમિક શાળામાં વિજ્ઞાન પ્રદર્શન કાર્યક્રમ યોજાયો




હથોડા: હથોડા નજીક આવેલા વેલાછા ગામની પ્રાથમિક શાળામાં વિજ્ઞાન પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં તમામ ધોરણના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ અલગ-અલગ અને અવનવી કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે ગામના સરપંચ કનુભાઈ રાઠોડ, ઉપસરપંચ શૈલેષભાઈ રાઠોડ, વેલાછા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ તેમજ આંગણવાડી સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યો હતો.

### સીસોદરા ગામમાં સોલાર પાર્કમાંથી રૂ.૧.૮૦ લાખના કોપર કેબલની ચોરી

અંકલેશ્વર: અંકલેશ્વરના સીસોદરામમાં આવેલા સોલાર પાર્કમાંથી અજાણ્યા તસ્કરો આશરે રૂ.૧.૮૦ લાખની કિંમતનો ૪,૦૦૦ મીટર કોપર કેબલ ચોરી ગયા હોવાની ફરિયાદ પાનોલી પોલીસ મથકે નોંધાઈ છે. રિકેર ઇલેક્ટ્રિકલ LLP કંપનીના સાઇટ એન્જિનિયર અમિતભાઈ રાઠોડને સિસ્ટમમાં વીજ ઉત્પાદન ઓછું જણાતાં તેમણે સ્થળ તપાસ કરી હતી. તપાસ દરમિયાન સોલાર સિસ્ટમના કેબલ કપાયેલા માલૂમ પડ્યા હતા. સ્ટાફ સાથે સરવે કરતાં ૬ સ્ક્વેર એમએમના ૨,૦૦૦ મીટર લાલ અને ૨,૦૦૦ મીટર કાળા રંગના કોપર કેબલ ગાયબ હતા. પ્રતિ મીટર રૂ.૪૫ લેખે કુલ રૂ.૧,૮૦,૦૦૦ના મુદ્દામાલની ચોરી અંગે પાનોલી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વર હાઇવે પર લક્ઝરી બસને ડિવાઇડર સાથે અકસ્માત, એકનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર હાઇવે નં.૪૮ પર નર્મદા હોટલ સામે પૂરઝડપે જતી લક્ઝરી બસ નં. (જીજે-૦૫-સી. ડબલ્યૂ-૭૫૦૦)ના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા બસ ડિવાઇડર તોડી સર્વિસ રોડ પર ચઢી ગઈ હતી. બસે રોડ પર ચાલતા અજયકુમાર કટારીયા સહિત હાથલારી, અતુલ શક્તિ અને ઇકો કારને અડફેટે લીધા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા અજયકુમારનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિ અનુજ વર્મા ઘાયલ થઈ હતી. અકસ્માત બાદ ચાલક બસ મૂકીને ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

### આફવા ગામમાં લવંગવાલા ઇન્ડસ્ટ્રિઝના સોલાર પ્લાન્ટમાં તસ્કરો ત્રાટક્યા

બારડોલી: બારડોલીના આફવા ગામે લવંગવાલા ઇન્ડસ્ટ્રિઝના સોલાર પ્લાન્ટમાંથી તસ્કરોએ બે અલગ-અલગ દિવસોમાં કુલ રૂ.૧,૯૦,૦૦૦ ની કિંમતના ૬,૦૦૦ મીટર ડી.સી. કેબલની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. સન સ્નેચ સોલ્યુશન કંપનીના સાઇટ સુપરવાઇઝર પ્રિતેશભાઇ સિસોદાએ બારડોલી રૂરલ પોલીસ મથકે અજાણ્યા ચોરો વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ગત ૯ અને ૧૨ સપ્ટેમ્બરના રોજ તસ્કરોએ સોલાર પ્લાન્ટને નિશાન બનાવી કેબલ ચોરીને અંજામ આપ્યો હતો. હાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આમોદ-હજીરા પાઈપલાઈન પર લેવલ-III ઓફસાઈટ મોકડ્રીલ યોજાઈ



ભરૂચ: આમોદના ઈંટોલા ગામ ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) હજીરા દ્વારા પશ્ચિમ ક્ષેત્રની આમોદ-હજીરા પાઈપલાઈન પર લેવલ-III ઓફસાઈટ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલ દ્વારા આપત્તિ સમયે સંબંધિત તંત્રોની તૈયારી અને સંકલનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

### બારડોલીની B.A.B.S. હાઈસ્કૂલનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ગૌરવ



બારડોલી: જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા આયોજિત એસ.વી.એસ.-પરશુરામ-12 બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-2026-27નું આયોજન મહુવાની પ્રભુપ્રેમી વિદ્યાલય ડુંગરી હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલ, બારડોલીના વિદ્યાર્થીઓએ વિવિધ વિભાગોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું. પ્રદર્શનમાં B.A.B.S. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પાંચ વિભાગમાં કૃતિઓ રજૂ કરી હતી. હરિત ઊર્જા વિભાગમાં શાહ સમ્યક અને મેદપરા મન દ્વારા રજૂ કરાયેલી "Vortex-Power Canal System" કૃતિએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ મેળવી હતી. જ્યારે આપત્તિ વ્યવસ્થાપન વિભાગમાં પાટીલ જીવિકા અને ઢીંમર સાચીએ ભાગ લઈ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યા હતા. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ચેતનાબેન જે. અઘેરા, હાઈસ્કૂલ સુપરવાઇઝર જયદીપસિંહ મહિડા, માર્ગદર્શક શિક્ષકો તથા સમગ્ર B.A.B.S. પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. બારડોલી એજ્યુકેશન સોસાયટીના ચેરમેન હસમુખભાઈ એમ. પટેલ, માનદ મંત્રી ડો.વ્યોમભાઈ વી. પાઠક, સહમંત્રી વૈભવભાઈ શાહ સહિત સંસ્થાના હોદ્દેદારોએ પણ વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી હતી.

### સોનગઢમાં રક્તદાન કેમ્પ યોજાયો

સોનગઢ: સોનગઢના અગ્રેસન ભવન ખાતે 'PDD તાપી' દ્વારા સાર્વજનિક રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જરૂરિયાતમંદ દર્દીઓની મદદ માટે યોજાયેલા આ કેમ્પમાં મુસ્લિમ પટેલ સમાજના યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ 30 યુનિટ રક્તદાન કરી કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### કડોદની કન્યા શાળા ખાતે આજે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન

કડોદ: ગુજરાત સરકારના વહીવટી વિભાગ દ્વારા આજે કડોદની કન્યા શાળા ખાતે ક્લસ્ટર 16 માટે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં કડોદ, હરિપુરા, શિંગોદ, ઉછરેલ, બામણી, ઓરગામ, જૂનવાણી, વઢવાણીયા, ભેંસુદલા, બાલદા, નસુરા, મસાડ, રજવાડ, મિયાવાડી, વાંસકુઈ, નાની ભટલાવ, ભટલાવ, મઢી, સુરાલી, પીપરિયા અને ઝરીમોરાના નાગરિકોને આવરી લેવાશે. કેમ્પમાં આધાર કાર્ડ અપડેટ, આવકનું સર્ટિ, જાતિનું સર્ટિ., રેશનકાર્ડ સેવાઓ તેમજ આરોગ્ય તપાસણી જેવી વિવિધ સરકારી સેવા સ્થળ પર જ ઉપલબ્ધ કરાવાશે. સંબંધિત ગામોના નાગરિકોને જરૂરી દસ્તાવેજો સાથે સવારે 9 વાગ્યે સમયસર હાજર રહેવા કલેક્ટર કચેરી દ્વારા જણાવાયું છે.